Vidya (2020) Vol : 15(1)

Original Paper

ISSN: 2321-1520

# ‘સૌરાષ્ટ્ર સાપ્તાહિક’માં પ્રતિબિંબિત ધોલેરા સત્યાગ્રહ

**હરપાલ રાણા**

એસો. પ્રોફે.ઇતિહાસ વિભાગ,સમાજવિદ્યા ભવન
ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ.

Received Date: 23-11-2019

Published Date: 15-03-2020

ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં પ્રજાકીય સત્યાગ્રહો અને પ્રજાલક્ષી અખબારોનું ઘણું મહત્વ છે. બ્રિટિશ સરકારની અન્યાયી નીતિઓ કે પછી દેશી રાજાઓની પ્રજાપીડક નીતિઓની સામે પ્રજાના મુખપત્રોએ હમેંશા વિરોધ નોંધાવ્યો છે. ઇ.સ. ૧૯૨૦ થી ઇ.સ. ૧૯૪૭ સુધીના સમયમાં ગાંધીજી અને પ્રજાસેવક કાર્યકરોએ સત્તાની જોહુકમી અને અરાજકતા સામે અવાજ ઉઠાવ્યો હતો તો અખબારોએ પણ અખબારીધર્મને બખૂબી નિભાવ્યો હતો. ગાંધીજીના નેતૃત્વ હેઠળ કેટલાક રાષ્ટ્રવ્યાપી સત્યાગ્રહો અને રાષ્ટ્રીય આંદોલનો થયા હતા. અસહકાર આંદોલન, સવિનય કાનૂનભંગ લડત અને ભારત છોડો આંદોલન જેવા રાષ્ટ્રવ્યાપી આંદોલનોએ તત્કાલિન સમયે લોકજાગૃતિમાં મોટી ભૂમિકા ભજવી હતી. આ સાથે સ્થાનિક કક્ષાએ પણ અનેક સત્યાગ્રહો અને લડતો થઈ હતી. આ સમયે ગુજરાતે અનેક રાષ્ટ્રીય આંદોલનોમાં પૂરજોશમાં ભાગ લીધો હતો તથા સ્થાનિક પ્રજાસેવક કર્મઠોએ સ્થાનિક તથા રાષ્ટ્રને સ્પર્શતા પ્રશ્નોને લઈને નાના-મોટા સત્યાગ્રહોને બળ પૂરું પાડયું હતું. તેમાં અખબારોની ભૂમિકાને કોઇ કાળે નકારી શકાય તેમ નથી. રાષ્ટ્રને ધબકતું રાખવામાં અખબારો અગ્રિમ રહ્યા હતા.

રાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અખબારોની બહુ મોટી ભૂમિકા રહેલી જોવા મળે છે. આંદોલનો અને સત્યાગ્રહોને વેગ આપવામાં અખબારોએ અમૂલ્ય યોગદાન આપ્યું છે. સૌરાષ્ટ્ર-ગુજરાતની પ્રજાને રાષ્ટ્રીય લડતોમાં જોડવા ‘સૌરાષ્ટ્ર સાપ્તાહિકે’ ખૂબ મહત્વની ભૂમિકા નિભાવી છે. એટલે જ તો કહેવાયું હતું કે ‘જો સૌરાષ્ટ્ર સાપ્તાહિક ન હોત તો કદાચ ધોલેરા સત્યાગ્રહ પણ ન થયો હોત.’ દેશી રાજયોની પ્રજાના પ્રશ્નોને વાચા આપવાની

સાથે 'સૌરાષ્ટ્રે' રાષ્ટ્રીય અને સ્થાનિક સત્યાગ્રહો માટે પણ પ્રજાને તૈયાર કરી હતી. 'સૌરાષ્ટ્ર'ના લખાણોએ પ્રજામાં નવું જોમ અને ઉત્સાહ પૂર્યા હતા.

ઇ.સ. ૧૯૩૦ નું વર્ષ ભારતીય સ્વાતંત્ર્ય ઈતિહાસમાં એક ચોક્કસ સ્થાન ધરાવે છે. ગાંધીજીના નેતૃત્વ હેઠળ 'સવિનય કાનૂન ભંગની લડત' શરૂ થઈ અને સમગ્ર રાષ્ટ્રમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. આ લડતની શરૂઆત ૧૨ મી માર્ચ ૧૯૩૦ માં 'દાંડી કૂચ' થી થઈ હતી. ગાંધીજીનો આ એક નવતર પ્રયોગ હતો જેમાં ૭૨ સત્યાગ્રહીઓ સાથે અમદાવાદ સાબરમતી આશ્રમથી તેનું પ્રસ્થાન થયું અને જોતજોતામાં લડતે પ્રજામાં ખાસ્સું જોમ પૂર્યું હતું. આ દાંડી કૂચ પાછળનો ઉદ્દેશ્ય બ્રિટિશ સરકારની અન્યાયી નીતિઓ તેમજ પ્રજાની જીવનજરૂરિયાતની મીઠા જેવી વસ્તુ પર કર વગેરેનો વિરોધ કરવાનો હતો. મીઠું-નમક આમ તો સામાન્ય વસ્તુ છે પણ તેને પ્રતીક બનાવી ગાંધીજીએ એક આંદોલન છેડયું હતું. મીઠા જેવી વસ્તુ પર કર નાંખીને બ્રિટિશ સરકારે સામાન્યમાં સામાન્ય વ્યક્તિને અસર કરી હતી. ગાંધીજીએ દાંડીકૂચની આગલી સાંજે આંદોલન વિષે માર્મિક વાત કરી હતી. તેમણે કહ્યું કે, 'ત્રણ રીતે મીઠાનો કાયદો તોડવાની એટલે કે મીઠું પકવવાની, એવું મીઠું વેચવાની અને તે ખરીદીને કાયદાનો ભંગ કરવાની, પોતે જ પોતાના નેતા બનવાની, સર્વ રીતે સરકારનો અસહકાર કરવાની અને આખરી ફેંસલો ન આવે ત્યાં સુધી લડત આપવાની સલાહ આપી.' (દેસાઈ, પે. ૧૯૬) વધુમાં એમ પણ કહ્યું કે'કાગડા-કૂતરાને મોતે મરશે પણ સ્વરાજ્ય લીધા વિના આશ્રમમાં પાછા નહીં ફરે.' ગાંધીજીએ મીઠાને કેન્દ્રમાં રાખીને કૂચ આરંભી જેનાથી રાષ્ટ્રવ્યાપી આંદોલનને બહુ જ ટૂંકા ગાળામાં જોમ પ્રાપ્ત થયું હતું.

દાંડી કૂચની સાથે સૌરાષ્ટ્રમાં પણ મીઠાના કાયદાના ભંગ માટે ધોલેરાને પસંદ કરવામાં આવ્યું. દેશભરમાં મીઠાના કાયદાના ભંગ માટે સત્યાગ્રહો શરૂ થયા. મીઠા જેવી વસ્તુને લઈને લોકોને જોડવાનો અને અન્યાય સામે અહિંસક લડી લેવાનું જોમ લડતે પૂર્યું હતું. 'સૌરાષ્ટ્ર' માં ધોલેરાને મીઠાના કાયદાના ભંગ માટે પસંદ કરવામાં આવ્યું હતું અને 'ધોલેરા સત્યાગ્રહ' નું સુકાન 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' ના કર્મનિષ્ઠ તંત્રી શ્રી અમૃતલાલ શેઠને આગેવાની સોંપાઇ હતી. ગાંધીજીના આદેશથી મહાદેવભાઇ દેસાઇ સંદેશો લઈને આવ્યા જેમાં અમદાવાદ જિલ્લાને નીચે મુજબ કાનૂન-ભંગ આદરવાનો હતો.

(૧) અમદાવાદમાં ગેરકાયદેસર (Contraband) મીઠું કર ભર્યા વિનાનું લાવીને જાહેરરીતે વેચવું.

(૨) ધોલેરાની ખાડીને કિનારે જઇ મીઠું ઉપાડવું.

દાંડી કૂચની સાથે ગુજરાત-સૌરાષ્ટ્રની પ્રજામાં રાષ્ટ્રીય જાગૃતિને બળ આપવા ધોલેરા ખાતે સત્યાગ્રહના મંડાણ થયા હતા. આ સમયે 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' અને તેના તંત્રી અમૃતલાલ શેઠે ગુજરાત-સૌરાષ્ટ્ર અને રાષ્ટ્ર કક્ષાએ પણ સારું એવું કાઠું કાઢયું હતું. શ્રી શેઠની ધોલેરા સત્યાગ્રહ માટેની પસંદગી તેમની કાબેલિયત અને પ્રતિષ્ઠાનું બયાન કરે છે. હિમ્મત, સાહસ અને બળોકાપણાએ જ તેમને ધોલેરા લડતના સુકાની બનાવ્યા હતા. ઉપરોક્ત દ્વિવિધ કાર્યક્રમ ૬ ઠ્ઠી એપ્રિલના રોજ ગાંધીજીના દાંડી ખાતેના મીઠું ઉપાડવાના દિવસથી જ ધોલેરામાં

આદરવાનો હતો. ધોલેરા સત્યાગ્રહના સુકાની શ્રી શેઠ જોશીલા તરવરાટથી પૂર્ણ લડતને નવું જોમ આપવા તૈયાર હતા. તેઓ પ્રજાસેવક જોશીલા પત્રકાર અને તંત્રી હતા. તેમના તંત્રીપદે 'સૌરાષ્ટ્ર સાપ્તાહિકે' સૌરાષ્ટ્રના પ્રજાજનોમાં ખાસ્સું જોમ પૂર્યું હતું. તેમની લેખીની તેમની જબાનની જેમ જ તીખી અને જોસ્સાવર્ધક હતી.

અમૃતલાલ શેઠે 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' ના પ્રથમ પૃષ્ઠ પર 'ચલો ધોલેરા !' નામક સંદેશો લખી કાઠિયાવાડીઓને ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લેવા જોરદાર અપીલ કરી હતી. તેમણે લખ્યું કે,'ખતમ થઈ જવાનો નિરધાર કરીને, આત્મજનોની આશિષો લઈને, હસતા ખેલતા આવી પહોંચજો... માતાનાં દૂધ દીપાવવાનો, સોરઠનાં ખમીર શોભાવવાનો, સ્વદેશનું છેલ્લુંપહેલું યુદ્ધ જીતવાનો અને સાત કરોડ રાજસ્થાનીઓનો સ્વરાજમાં હિસ્સો નોંધાવવાનો આવો અવસર ફરી પાછો નથી મળવાનો એટલી વાત ન વીસરજો.' 'શ્રી શેઠે ગાંધીજીના આદેશ મુજબ જણાવ્યું કે જીતવાનો કે મરવાનો મરણિયો નિર્ધાર કરીને તથા જેલ જવાની અને 'પૂર્ણ સ્વરાજ' ને નામે સર્વ પ્રકારની યાતનાઓ સહન કરવાની તૈયારી સાથે સમસ્ત સૌરાષ્ટ્રવાસીઓને ધોલેરા સત્યાગ્રહની લડતમાં ભાગ લેવા જણાવ્યું હતું.' (રાણા, પે. ૧૬૫)

'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' તો જાણે કે ધોલેરા લડતનું મુખપત્ર બન્યું હતું. અમૃતલાલ અને ઝવેરચંદ મેઘાણીના પ્રેરણાદાયી લખાણો અને પ્રવચનોએ કાઠિયાવાડમાં ભારે જોમ પૂર્યું હતું. ગાંધીજીની હાકલને 'સૌરાષ્ટ્ર સાપ્તાહિકે' બરોબર જીલી હતી. અમૃતલાલની આગેવાનીએ કઠિયાવાડીઓમાં ભારે ઉત્સાહ જન્માવ્યો હતો. ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લેવા કેટલાય સ્વયંસેવકોના નામ સાથેના પત્રો અમૃતલાલ પર આવ્યા હતા જેમાં તેમણે રાષ્ટ્રની આઝાદી અને લડત માટે મારી ફિટવાની તૈયારી બતાવી હતી. શ્રી શેઠે'સૌરાષ્ટ્ર સાપ્તાહિક'દ્વારા કઠિયાવાડીઓને અપીલ કરી કે રાષ્ટ્ર માટેના આ જંગમાં ભાગ લેવા તમામ માનસિક નિર્બળતાઓ ત્યજીને ધોલેરા ખાતે ઉમટી પડજો. તેમણે તેજાબી ભાષામાં લખ્યું કે,

'કાઠિયાવાડ તરફથી આજ સુધીમાં મળેલો જવાબ ખૂબ ખૂબ પ્રોત્સાહક છે. મહાત્માજીના જન્મ પ્રદેશના વાસીઓને એ જ લાજિમ છે. એવો કોણ અભાગી કાઠિયાવાડી હશે કે આ આખરી જંગમાં સિપાઈગીરી કરવા, બધી મામૂલી ગણતરીઓ છોડીને અને બધી માનસિક નિર્બળતાઓ ખંખેરીને મીઠાના કાયદા તોડવા તા. ૪ થી એ સત્યાગ્રહ છાવણીમાં હાજર નહિ થઈ જાય?'

'ઝૂક પાડો' અગ્રલેખ દ્વારા 'સૌરાષ્ટ્ર સાપ્તાહિકે' ધોલેરા સત્યાગ્રહમાં કૂદી પડવા આહવાન કર્યું હતું. 'આજે તો બસ ચલો રણમેદાન' નો એક જ ઘોષ દેશના ખૂણેખૂણામાંથી ઊઠવો જોઈએ. આજે તો બસ 'જંગ મેં ઝૂક પડો' નું એક જ ગાન પ્રત્યેક દેશજનની જીહવા ઉપર હોવું જોઈએ. સંશયનો, પ્રશ્નનો, થડકાટનો કાળ પૂરો થયો છે. કાર્યનો, આચરણનો, કુરબાનોનો કાળ બેઠો છે. આજે આપભોગનો યુગ મંડાયો છે. જલિયાંનવાલાબાગમાં શાંતિથી લોહીની નદીઓ રેલાવનાર આપણાં રાષ્ટ્રીય જનોની યાદ એ કુરબાની માગે છે. આ પરદેશી અમલ નીચે સ્મશાનવત બની ગયેલા આપણા પ્યારા વતનના હાડપિંજર બની ગયેલા દેશબંધુઓ એ સમર્પણ માગે છે. કયો

દેશપ્રેમી, કયો દેશદાઝીલો હિંદી એની ના કહી શકશે? હિંદીજનો, ગાઓ રણાંગણની વાટ ઉપર સિપાઈની કૂચ કરતાં ગાઓ:

અબ ચલો બિરાદર ચલો, જંગ મેં ઝૂક પડો !
કુછ કરો બહાદુરી કરો,જંગ મેં ઝૂક પડો !
અબ તુફાન સે મત ડરો, જંગ મેં ઝૂક પડો !
સબ સચ્ચે હિંદી ચલો, જંગ મેં ઝૂક પડો !
અબ ભીરુ કો ભૈરવ કરો, જંગ મેં ઝૂક પડો !
અબ ભીષણ રુદ્રતા ધરો, જંગ મેં ઝૂક પડો !
દો બખ્ત કા મરના બુરા, જંગ મેં ઝૂક પડો !
યહ શકૂન હૈ ચંગા ભલા, જંગ મેં ઝૂક પડો !

૫ એપ્રિલ ૧૯૩૦ ના રોજ ધોલેરામાં સભા મળી જેમાં અમૃતલાલ શેઠે ઉત્તેજનાસભર ભાષણ રજૂ કર્યું હતું. 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' લખે છે કે 'એ ભાષણ ન હતું, એ એના આત્માનો ઘંટનાદ હતો, એના દિલની આજ સુધી અવ્યક્ત રહેલી વેદના હતી.... હું કહું છું માટે નહીં,ગાંધીજી કહે છે માટે નહીં, મેં તમારી મામૂલી સેવા કરી છે એના બદલા માટે નહીં, પરંતુ જો તમારો આત્મા જાગૃત થયો હોય, તમારા દિલમાં બળવાનો ઘંટ વાગતો હોય, તો જ લડતમાં ઝુકાવજો.'

ધોલેરા સત્યાગ્રહ સમયે 'સૌરાષ્ટ્ર સાપ્તાહિક' પણ એક યોદ્ધાની માફક પોતાની ભૂમિકા ભજવી રહ્યું હતું. ઝવેરચંદ મેઘાણીના દેશભક્તિ ગીતો સૌરાષ્ટ્ર પત્ર દ્વારા જ જનમાનસ સુધી પોંહચ્યા હતા. ધોલેરા સત્યાગ્રહ સમયે તેમની કલમે લખાયેલ 'સિંધુડો' તો જાણે લડતના એક સૈનિક તરીકે પોતાની ભૂમિકા ભજવી રહ્યો હતો. સૌરાષ્ટ્ર-કાઠીયાવાડના યુવાનો 'સિંધુડો' કાવ્યસંગ્રહના ગીતો ગાતા ગાતા સત્યાગ્રહમાં જોડાઈ રહ્યા હતા. બ્રિટિશ સરકારે 'સિંધુડો' કાવ્યસંગ્રહ પર પ્રતિબંધ ફરમાવ્યો હતો જે તેનું જોમ અને કૌવત દર્શાવે છે. 'કંકુ ઘોળજો જી કે કેસર રોળજો' ગીત શૂરવીરોને સાબદા કરતું હતું અને નવયુવાનો માં-ભોમ ખાતર બધુ જ કરી છૂટવા તત્પર બન્યા હતા. આ ગીતની કેટલીક પંક્તિઓ:

કંકુ ઘોળજો જી કે કેસર રોળજો !
પીઠી ચોળજો જી કે માથાં ઓળજો !
ઘોળજો કંકુ આજ યોદ્ધા રંગભીને અવસરે,
રોપાય મંડપ મોતના ગુર્જરી કેરે ઘરઘરે;
મીંઢોળબંધા તજી માયા, સજી આયુધ નીસરે,
હરખાવ પ્રિયજન, ગાવ ગુણીજન, દાવ દુશ્મન થરથરે.

જોદ્ધા જાગિયા જી કે કાયર ભાગિયા,
ડંકા વાગિયા જી કે હાકા લાગિયા. (રાણા, પે. ૧૬૫)

આમ 'સૌરાષ્ટ્ર સાપ્તાહિકે' ધોલેરા સત્યાગ્રહની સાથે અન્ય સત્યાગ્રહ છાવણીઓ અહેવાલો છાપી રાષ્ટ્રની આઝાદીની લડતમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. 'સૌરાષ્ટ્ર' પોતે જ એક યોદ્ધાની ગરજ સારતું હતું અને એક સત્યાગ્રહી સૈનિકને છાજે એ રીતે લડતમાં જોડાયું હતું. 'સૌરાષ્ટ્ર' માં ઝવેચંદ મેઘાણીની કલમે લખાયેલા દેશભક્તિ સંગ્રામગીતોએ કાઠિયાવાડીઓમાં અનેરું જોમ પેદા કર્યું હતું. એટલે જ સાચું કહેવાયું છે કે જો 'સૌરાષ્ટ્ર' ન હોત તો કદાચ 'ધોલેરા સત્યાગ્રહ' પણ ન થયો હોત.

સંદર્ભ

(૧) રાણા, ડો. હરપાલ,ગુજરાતનું પત્રકારત્વ અને સૌરાષ્ટ્ર, આદર્શ પ્રકાશન, ૧૭૬૦, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ-૨૦૧૨

(૨) દેસાઈ, ડો. શાંતિલાલ મ.,રાષ્ટ્રનો સ્વાતંત્ર્યસંગ્રામ અને ગુજરાત,યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય અમદાવાદ-૬, પ્રથમ આવૃત્તિ, ૧૯૭૨

(૩) રાણા, ડો. હરપાલ,ગુજરાતી જવાંમર્દ પત્રકારો, આદર્શ પ્રકાશન, ૧૭૬૦, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧, પ્રથમ આવૃત્તિ-૨૦૧૪

❑